**આંક–૧૯**

**અમદાવાદ મજુર અદાલત નં.ર ના પ્રમુખ અધિકારીશ્રી વી.એમ.ચાવડા સમક્ષ**

**રેફરન્સ (ટી) નં. ૧૩૦૩/૨૦૦૮**

પ્રથમ પક્ષકાર : ઐશ્વર્યા કેમીકલ્સ પ્રા.લી.,
ફેઝ–ર, ર૬૩, બ્લોક નં. સ્ટાર ડાઈઝની સામે,
વટવા, જી.આઈ.ડી.સી., અમદાવાદ.

**વિરૂધ્ધ**

બીજા પક્ષકાર : અર્જુનભાઈ બબાભાઈ ઝાલા,
રહે. જીભાઈપુરા, તા.મહેમદાવાદ, જી.ખેડા.

પ્રથમ પક્ષકાર તરફે : ગેરહાજર.
બીજા પક્ષકાર તરફે : શ્રી ડી.ડી.ભટ્ટ

**વિષય:–ઔદ્યોગિક વિવાદ અધિનિયમ–૧૯૪૭ ની કલમ ૧૦(૧)(સી) હેઠળ ન્યાય–નિર્ણય બાબત....**

**–:: એ વો ર્ડ ::–**

**૧.** સદર કામના બીજા પક્ષકારને તેમની નોકરીની સળંગ નોકરી ગણી પડેલા દિવસોના પુરા પગાર સાથે મુળ જગ્યાએ નોકરીમાં પુન:સ્થાપિત કરવા કે કેમ? તેના ન્યાય–નિર્ણય સારું સદરહુ રેફરન્સ મદદનીશ શ્રમ આયુકતશ્રી, અમદાવાદના તા.૪–૧૧–૦૮ ના હુકમ ક્રમાંક : કે.એચ./એસ.એચ.એમ.સી./આર/–એજે/ આઈડીઆર/૪૩૧/૦૮ થી મજુર અદાલત, અમદાવાદ ને સુપ્રત કરવામાં આવેલ. ત્યારબાદ સરકારશ્રીના યોગ્ય ઓથોરીટીના વખતોવખતના હુકમોથી સદરહુ રેફરન્સ અત્રેની અદાલતને ન્યાય– નિર્ણય માટે તબદીલ કરવામાં આવેલ છે.

**૨.** આ કામે રેફરન્સ રજુ થતાં પ્રથમ પક્ષકારને આંક–ર થી નોટિસ કરવામાં આવેલ છે, સદર નોટીસની પક્ષકારોની ધોરણસરની બજવણી કરવામાં આવેલ છે.

**૩.** બીજા પક્ષકાર કામદારે આ કામે આંક–૪ થી માંગણાનું નિવેદન રજુ કરેલ છે, જેની ટુંકમાં હકીકત એવી છે કે, પ્રથમ પક્ષકારને વિવિધ મજુર કાયદાઓ લાગુ પડે છે. બીજા પક્ષકાર પ્રથમ પક્ષકારમાં ૧૯૯૮ થી પ્લાન્ટ ઓપરેટર તરીકે ફરજ બજાવતા હતાં, તેઓને કોઈ લેખીત હુકમ આપેલ ન હતો. પ્રથમ પક્ષકાર તરફથી બીજા પક્ષકારને હાજરીકાર્ડ, પગાર સ્લીપ, ઓળખપત્ર, હકક રજાના કાર્ડ, લ.વે. મુજબનો પગાર કે અન્ય લાભો આપતા ન હતા, તેઓને ઓ.ટા.નો ડબલ પગાર પણ

આપવામાં આવેલ નથી કે વીકલી ઓફ પણ આપતા ન હતા. સંસ્થામાં તેમનો પી.એફ. કપાતો હતો. પ્રથમ પક્ષકાર તરફથી માસીક પગાર રૂા.૨૧૦૦/– મળતો, પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકાર વચ્ચે નોકર–માલીકનો સંબંધ હતો. વર્ષમાં ૨૪૦ દિવસ ઉપરાંતની ફરજ બજાવત ।હોઈ કાયમી કર્મચારી હતાં, તેઓને કોઈ નોટીસ કે ઠપકો આપેલ નથી. પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકારને નોટીસ, ખાતાકીય તપાસ કે યોગ્ય કાર્યવાહી અને વ્યાજબી કારણ આપ્યા વગર તા.૩૦–૧૨–૦૭ થી તમારી જરૂરીયાત નથી, તમો યુનિયન બનાવવા માંગો છો તેમ જણાવી મૌખિક રીતે નોકરીમાંથી ગેરકાયદેસર અને ગેરવ્યાજબી રીતે કલમ ૨૫(એફ) નો ભંગ કરીને છુટા કરી દીધેલ છે, તેઓને છુટા કરતી વખતે કાયદેસરના મળવાપાત્ર હકકો ચુકવેલ નથી. જેથી તેઓએ નોકરીમાં પુન:સ્થાપિત થવાની નોટીસ મોકલેલ, જે તેમને બજી ગયેલ, તેનો જવાબ ન આપતા નોકરીમાં પુન:સ્થાપિત થવાની ફરીયાદ મદદનીશ મજુર કમીશ્નર સમક્ષ કરેલ, ત્યાં સમાધાન ન થતાં લવાદ ન્યાય નિર્ણય માટે અત્રે સુપ્રત થયેલ છે. બીજી જગ્યાએ નોકરી મેળવવા ઘણા પ્રયત્નો કરવા છતાં નોકરી મળેલ નથી, હાલ બેકાર છે. જેથી બીજા પક્ષકારે દાદ માંગેલ છે કે, પ્રથમ પક્ષકાર બીજા પક્ષકારને તા.૩૦–૧૨–૦૮ ના રોજ છુટા કરવાનું પગલું ગેરકાયદેસર, ગેરવ્યાજબી ઠરાવી તેઓને છુટા કર્યા તારીખથી પડતર દિવસોના પુરા પગાર સહીત સળંગ નોકરી સાથે તમામ મળવાપાત્ર અન્ય લાભો સાથે તેઓની મુળ જગ્યાએ પ્રથમ પક્ષકાર તેઓને નોકરીમાં પુન:સ્થાપિત કરે તેવો હુકમ કરવા તથા રેફરન્સ ખર્ચ રૂા.૫૦૦૦/– અપાવવા અરજ ગુજારેલ છે.

**૪.** પ્રથમ પક્ષકારને નોટીસની બજવણી થયેલ હોવા છતાં જવાબ રજુ કરેલ ન હોઈ બીજા પક્ષકારે આંક–૧૧ થી સંસ્થાનો જવાબનો હકક બંધ કરવા અરજી કરેલ, જે અરજી મંજુર રાખવામાં આવેલ છે.

**૫.** બીજા પક્ષકારે આંક–૬ ના લીસ્ટથી નિ.૬/૧ થી સંસ્થાએ આપેલ પી.એફ. સ્લીપની નકલ તથા આંક–૯ ના લીસ્ટથી નિ.૯/૧ થી સંસ્થાને મોકલેલ માંગણાના નિવેદનની તથા નિ.૯/૨ થી રજી.એ.ડી.થી પાવતી અસલ તથા આંક–૧૦ ના લીસ્ટથી નિ.૧૦/૧ થી સંસ્થાને મોકલેલ માંગણાનું નિવેદન મળી ગયા અંગેની એકનોલેજમેન્ટ અસલ રજુ કરેલ છે.

**૬.** બીજા પક્ષકાર તરફે આંક–૧૨ થી જુબાનીનું સોગંદનામું રજુ કરેલ છે, જેમાં તેઓએ તેમના આંક–૪ ના માંગણાના નિવેદનની તમામ હકીકતોને સમર્થન આપેલ છે. પ્રથમ પક્ષકાર તરફે ઉલટતપાસ માટે કોઈ હાજર રહેતા ન હોઈ બીજા

પક્ષકારે આંક–૧૪ થી પ્રથમ પક્ષકારનો ઉલટતપાસ કરવાનો હકક બંધ કરવાની અરજી રજુ કરેલ છે, જે અરજી મંજુર કરવામાં આવેલ છે.

૭. બીજા પક્ષકાર તરફે આંક–૧૫ થી કલોઝીંગ પુરસીસ રજુ રાખેલ છે. જયારે પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે કોઈ આપતા ન હોઈ બીજા પક્ષકારે આંક–૧૬ થી પ્રથમ પક્ષકારનો સંસ્થાનો પુરાવો બંધ કરવાની અરજી રજુ કરેલ છે, જે અરજી મંજુર કરવામાં આવેલ છે.

૮. બીજા પક્ષકાર તરફે આંક–૧૭ થી કામદારે રજુ કરેલ માંગણાનું નિવેદન, દસ્તાવેજી પુરાવાઓ તથા સોગંદનામાને તેઓની દલીલો ગણવા પુરસીસથી જાહેર કરેલ છે. જયારે પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે દલીલો માટે કોઈ હાજર ન હોઈ બીજા પક્ષકારે આંક–૧૮ થી પ્રથમ પક્ષકારનો દલીલનું સ્ટેજ બંધ કરવાની અરજી રજુ કરેલ છે, જે અરજી મંજુર કરવામાં આવેલ છે.

૯. ઉપરોકત કામમાં રજુ થયેલ બીજા પક્ષકારનું માંગણાનું નિવેદન, વિધ્વાન વકીલશ્રી ની દલીલો ધ્યાને લેતાં આ કામના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું બીજા પક્ષકાર સાબીત કરે છે કે, પ્રથમ પક્ષકારે તેઓને નોકરીમાંથી ગેરકાયદેસર રીતે કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરુધ્ધ છુટા કરેલ છે?

(૨) શું બીજા પક્ષકાર માંગણાના નિવેદનમાં માંગ્યા મુજબની દાદ મેળવવાને હકકદાર બને છે કે કેમ?

(૩) આખરી શો હુકમ ?

૧૦. ઉપરોકત મુદ્દાઓનો મારો જવાબ નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

(૧) હકારમાં.

(૨) અંશતઃ હકારમાં

(૩) આખરી હુકમ મુજબ

–:: <u>કારણો</u> ::–

**૧૧. મુદ્દા નં.૧ અને ૨ :–**

ઉપરોકત મુદાઓ એકબીજા સાથે સંકળાયેલા હોઈ સરળતા ખાતર સંયુકત ચર્ચા કરેલ છે. મારી સમક્ષ રજુ થયેલ રેકર્ડ જોતાં બીજા પક્ષકારે આંક–૪ થી માંગણાનું નિવેદન રજુ કરેલ છે તેમજ માંગણાનું નિવેદન અને કોર્ટ ધ્વારા કાઢવામાં આવેલ નોટીસ પ્રથમ પક્ષકાર સંસ્થાને મળી ગયેલ છે, તેમ છતાં પ્રથમ પક્ષકાર નામ.અદાલતમાં હાજર ન રહેતાં આંક–૧૧ ની અરજી ઉપર કરેલા

હુકમ મુજબ જવાબનો હકક બંધ કરેલ છે. બીજા પક્ષકારે આંક–૧૨ થી પોતાની જુબાનીનું સોગંદનામું રજુ કરેલ છે જે વંચાણે લેતાં તેમાં માંગણાનાં નિવેદનની હકીકતોને સમર્થન મળે છે. બીજા પક્ષકાર ધ્વારા જુબાનીની એફીડેવીટ રજુ કરવામાં આવી તે વખતે પ્રથમ પક્ષકાર નો પોકાર કરવા છતા પ્રથમ પક્ષકાર ઉલટતપાસ માટે કોઈ હાજર રહેલ નથી, કોઈ રજુઆત કરી નથી કે કોઈ મુદત અરજી કોર્ટમાં રજુ કરેલ ના હોઈ, બીજા પક્ષકારે આંક–૧૪ ની અરજીમાં પ્રથમ પક્ષકારનો ઉલટતપાસ કરવાનો હકક બંધ કરવા અરજ કરેલ, જે મંજુર રાખવામાં આવેલ છે. પ્રથમ પક્ષકારની સતત ગેરહાજરી સબબ પ્રથમ પક્ષકારનો પુરાવો રજુ કરવાનો હકક આંક–૧૬ થી તથા દલીલોનો હકક આંક–૧૮ થી બંધ કરવામાં આવેલ છે. કેસની ઉપરોકત સંજોગો જોતાં બીજા પક્ષકારના સોગંદનામાને પ્રથમ પક્ષકાર ધ્વારા પડકારવામાં આવેલ ન હોઈ સોગંદ ઉપરના સોગંદનામાની હકીકતો ન માનવા કોઈ કારણ નથી. વધુમાં પ્રથમ પક્ષકાર તરફથી બીજા પક્ષકારના રેફરન્સ કેસની હકીકતો ખોટી છે તે દર્શાવેલ નથી, જેથી બીજા પક્ષકાર પોતાના રેફરન્સ કેસની હકીકતો પુરવાર કરવામાં સફળ રહેલા હોઈ મુદ્દા નં.૧ હકારમાં ઠરાવી મુદ્દા નં.૨ અંશત: હકારમાં ઠરાવી મુદ્દા નં.૩ અંગે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) બીજા પક્ષકારનો રેફરન્સ (ટી) નં.૧૩૦૩/૨૦૦૮ અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨) પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને પડેલા દિવસોના ૫૦% પગાર તથા આનુસાંગિક લાભો સાથે તેમની મુળ જગ્યાએ સળંગ નોકરી ગણી પુન:સ્થાપિત કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) પ્રથમ પક્ષકારે સદરહુ એવોર્ડ સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ થયે દિન–૩૦ માં તેનો અમલ કરવાનો રહેશે.

(૪) પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને ખર્ચ પેટે રૂા.૧૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા) અલગથી ચુકવી આપવા.

તારીખ : ૭/૧૧/૨૦૧૬
સ્થળ : અમદાવાદ.

(વિનોદકુમાર એમ.ચાવડા)
CODE : GJ00313
પ્રમુખ અધિકારી,
મજૂર અદાલત નં. ૨, અમદાવાદ.

J.B.KUNJERA, P.A.